ગાંધીનગર સમાચાર

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




અહીં તો... સાહેબ કાળી ચૌદશ જ કરવી રહી..., તમે કહેતા હતા કે પાકિસ્તાનમાં ફટાકડા ફૂટશે... તો... દિવાળી કરવા ત્યાં જઈશું...??

# ચિલોડાથી ઉપડતી શટલીયા જીપોએ નિયમો નેવે મુક્યા

## શટલીયા જીપચાલકો ખીચોખીચ મુસાફરોને બેસાડે છે : ન છુટકે જોખમી મુસાફરી કરવા મુસાફરો મજબુર

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરને અડીને આવેલુ ચિલોડા સર્કલ સાબરકાંઠા અને રાજસ્થાન તરફ જતા મુસાફરો માટે મોખરાનું સ્થાન છે. હજ્જારો મુસાફરો અહીંથી દિવસ દરમ્યાન આવન-જાવન કરે છે. દિપાવલીના પર્વ નિમિત્તે લોકોએ વતન ભણી દોડ મુકી છે. ત્યારે ચિલોડા સર્કલ મુસાફરોથી ભરાયેલું હોય છે. અત્યારના સમયે આ જંકશન દિવસ-રાત ધમધમે છે. શટલીયા જીપચાલકો નિર્દોષ મુસાફરો પાસેથી વધુ ભાડુ વસુલીને જોખમી મુસાફરી કરાવી રહ્યા છે. આ જીપ ચાલકોએ ટ્રાફિકના તમામ નિયમ નેવે મુક્યા હોય તેવું અત્યારે લાગી રહ્યું છે.

દિપાવલીના પાવન પર્વમાં પોતાના માદરે વતન જવા માટે લોકો ઉત્સુક બન્યા છે. શહેરમાં વસવાટ કરતા સાબરકાંઠા તેમજ રાજસ્થાનના પરિવારો અત્યારે હાલના સમયે વતન જવા માટે ચિલોડા સર્કલને અગ્રતા આપે છે. ચિલોડા સર્કલ મુસાફરોને ભારે ભીડ જોવા મળે છે. ત્યારે તહેવારના ટાણે વતન જવા માટે લોકો પોતાનો જીવ જોખમમાં મુકતા અચકાતા નથી. અને ન છુટકે આવી જોખમી મુસાફરી કરવી પડે છે. લકઝરી બસ તેમજ શટલીયા જીપ ચાલકો છાપરા પર બેસાડી મુસાફરોને લઈ જઈ તગડુ ભાડુ વસુલી રહ્યા છે. ચિલોડા સર્કલે આવા વાહનો દ્રશ્યમાન થાય છે.



પરંતુ ટ્રાફિકના નિયમો નેવે મુકી બિન્દાસ્ત વાહનચાલકો હેરાફેરી કરી રહ્યા છે. ત્યારે ટ્રાફિકના સામાન્ય નિયમનું ઉલ્લંઘન કરતા લોકોને ખખડાવતી પોલીસ આ મામલે ચુપ કેમ છે. તેવા પ્રશ્નો ચિલોડાવાસીઓના મનમાં ઉઠી રહ્યા છે.

## ખૂણે ખાંચરેથી...

● સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવવાની સાથે સમર્થકો માટે ભોજન સમારંભોનું પણ આયોજન કર્યું હતું.

● આજે જિલ્લા પંચાયતના વર્તમાન પ્રમુખ હીનાબેન પટેલ ઉમેદવારી નોંધાવવા આવ્યા ત્યારે મેયર હંસાબેન મોદી, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, જિલ્લા મહામંત્રી હિતેન્દ્ર પટેલ, ગુડાના ચેરમેન આશિષ પટેલ, ગાંધીનગર (ઉ) અને (દ)ના ધારાસભ્યો શ્રી અશોકભાઈ પટેલ અને શ્રી શંભુજી ઠાકોર પણ તેમની સાથે જોડાયા હતા.

● ગાંધીનગર તાલુકાની ઉવારસદ બેઠક માટે કોંગ્રેસના ઉમેદવારોએ ઉમેદવારી પત્ર સાથે મેન્ડેટ રજુ કર્યો ન હતો.

● કોલવડા બેઠક પરથી આજે અપક્ષ ઉમેદવાર તરીકે પારૂલબેન પટેલે ઉમેદવારી નોંધાવી છે.

● કલેક્ટર કચેરીમાં રાજકીય સમર્થકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

● ગાંધીનગરના બજારોમાં આજે પ્રમાણમાં સારી ઘરાકી જોવા મળી હતી.

# મુખ્યમંત્રી નૂતન વર્ષે ગાંધીનગર-અમદાવાદમાં પ્રજાજનો સાથે શુભેચ્છા આપ-લે કરશે

ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ તા. ૧૨ નવેમ્બર-૨૦૧૫ને ગુરૂવારે નૂતન વર્ષ નિમિત્તે મંત્રીમંડળ નિવાસ સંકુલમાં આવેલા કોમ્યુનીટી સેન્ટર ખાતે સવારે ૮.૦૦ થી ૮.૪૫ સુધી નાગરિકો સાથે નૂતનવર્ષાભિનંદન અને શુભેચ્છાઓનું આદાન-પ્રદાન કરશે. ત્યારબાદ શ્રીમતી આનંદીબહેન સવારે ૮.૫૦ રાજયપાલશ્રીને રાજભવન ખાતે નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવશે.

ગાંધીનગરમાં પંચદેવ મંદિરમાં સવારે સાડા સાત વાગે દર્શનાર્થે જઈને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે નૂતન વર્ષનો ભક્તિભાવથી પ્રારંભ કરશે અને ત્યાર બાદ નાગરિકો સાથે ગાંધીનગરમાં નૂતન વર્ષની શુભેચ્છાના આદાનપ્રદાન પછી સવારે ૯.૦૦ કલાકે અમદાવાદમાં ભદ્રકાળી મંદિરમાં દર્શને જશે.

મુખ્યમંત્રીશ્રી ત્યારબાદ ૧૦.૦૦ કલાકે બહુચરાજી માતા મંદિર, મણીનગરમાં દર્શનાર્થે જઈને સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ કલાક સુધી અમદાવાદમાં એનેક્ષી સરકીટ હાઉસ, શાહીબાગ ખાતે નાગરિકોને નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે કરશે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે રી-સ્ટ્રેટેજી ઘડી કાઢવા કવાયત હાથ ધરી

ગાંધીનગર, તા. ૯

બિહાર વિધાનસભા ચૂંટણીમાં ભાજપને મળેલા પરાજયને પગલે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે રી સ્ટ્રેટેજી તૈયાર કરવાની દિશામાં ભાજપે કવાયત હાથ ધરી છે.

ગઈકાલે જાહેર થયેલા વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ભાજપે કારમો પરાજયનો સામનો કરવો પડ્યો છે. બિહાર ચૂંટણીના પરિણામની અસર ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પર પડે તેવી પુરી શક્યતા છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી પાટીદાર સમાજ દ્વારા અનામતની માંગ સાથે આંદોલન છેડવામાં આવ્યું છે. એટલું જ નહી પાટીદાર સમાજ ભાજપથી અત્યારે નારાજ છે.

બિહાર ચૂંટણી પરિણામોને પગલે ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ દ્વારા હવે રી-સ્ટ્રેટેજી ઘડવાની કવાયત હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે. નારાજ પાટીદાર સમાજને મનાવવા માટેના પ્રયાસો હાથ ધરવા માટે ભાજપે પાટીદાર આગેવાનો અને ધારાસભ્યોને જવાબદારી સોંપવામાં આવી છે. ભાજપે આ વખતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પાટીદારો અને ઓબીસી સમાજને સૌથી વધુ ટીકીટો આપીને સમતુલન જાળવાવનો પ્રયાસ કર્યો છે.

જોકે એસપીજીએ ભાજપને બદલે કોંગ્રેસને મત આપવા કરેલી અપીલને પગલે ભાજપની પ્રદેશ નેતાગીરીએ ચીંતીત બનીને આ ચીમકીને ગંભીરતાથી લઈ પાટીદારોને મનાવવા માટેની રણનીતિ ઘડી કાઢી હોવાનું જાણવા મળે છે.

## આજની રંગોળી




અંકિતા એ. ભટ્ટ
પોસ્ટ ઓફિસ નજીક, વાવોલ, ગાંધીનગર




દિપાવલી પર્વ એક એવું છે જ્યાં નાગરિકો સ્વયંભુ રીતે સફાઈ અભિયાન હાથ ધરે છે. સડકથી સંસદ સુધી, ઘરમાં માળિયાથી મસાલીયા સુધી તમામ સ્થળે કોઈ પણ જાતની નારાબાજી, સ્લોગન કે સમજાવટ વગર આ અભિયાન હાથ ધરાય છે. જે આપણી સંસ્કૃતિ અને પરંપરા દર્શાવે છે. ગાંધીનગર હવે તો 'સ્માર્ટ સીટી' બનવા જઈ રહ્યું છે. ત્યારે આ ગાર્વોજ કેરિયરનો સફાઈ કર્મચારી કેરિયરમાં કુદી કુદીને વધુ કચરો સમાવવા પ્રયત્ન કરી રહ્યો છે. તેની પાછળ સ્માર્ટ સીટીનું પાટિયું ઝુલે છે ત્યારે મનમાં પ્રશ્ન એ ઉદ્‌ભવે કે કેરિયરમાં કુદી કુદીને કચરો ભરવો ન પડે તેવી સ્થિતિ પેદા ન થાય તે માટે કચરાનો ત્વરિત-યોગ્ય નિકાલ કરતા તથા ઓછો કચરો પેદા થાય તેવો પ્રયત્ન કરતા 'સ્માર્ટ નગરજન' આપણે ક્યારે બનીશું ? (તસવીર-કથા : હરિન ભટ્ટ)

# ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા વિસ્તારના બાળકોને સ્વચ્છતા અંગે જાગૃત કર્યા

ગાંધીનગર, તા.૯

અત્યારે હાલ ભારતભરમાં સ્વચ્છતા મિશનના કાર્યક્રમો યોજાય છે. નાગરિકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ આવે એ ખુબ અગત્યનું છે. ગંદકીને પગલે ઘણા રોગ ફેલાય છે ત્યારે આપણે જાણીએ છીએ કે હાથ ધોયા વગર જમવા બેસવું એ ઘણા રોગનું મૂળ છે. નાસ્તા કે ભોજન સમયે હાથ બરાબર ન ધોયેલા હોય તો બિમારીનું કારણ બને છે. શહેરની સેવાકીય સંસ્થા ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના નવલપુર ગામની શાળામાં અભ્યાસ કરતા બાળકોને સાબુનું વિતરણ કરી સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવી હતી. બાળકોને હાથ કેવી રીતે ધોવા જોઈએ તે દર્શાવ્યું હતું. બાદમાં બધા બાળકોએ તે મુજબ હાથ ધોઈ ચોખ્ખા કર્યા હતા. બાળકોને નાસ્તો કરાવ્યો હતો. બાળકોના ચોખ્ખા હાથ જોઈ સંસ્થાના સભ્યોએ ખુશી વ્યકત કરી હતી. સંસ્થા દ્વારા સ્વચ્છતા અંગે જાગૃતિનો નવતર અભિગમ અપનાવામાં આવ્યો હતો. આ કાર્યમાં સંસ્થાના પ્રમુખ મિલિંદ ગુપ્તે તેમજ હોદ્દેદારો હાજર રહ્યા હતા.

# બિહારમાં ભાજપની હારને લઈ સોશ્યલ મીડિયા પર પોસ્ટ અને કોમેન્ટનો મારો

ગાંધીનગર, તા. ૯

અતિ મહત્વપૂર્ણ ગણાતી બિહાર વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં મોદીના નેતૃત્વમાં એનડીએના સુપડા સાફ થઈ જતા સોશ્યલ મીડિયા પર પણ લોકોએ અવનવી અને જાત-જાતની કોમેન્ટ અને પોસ્ટનો મારો ચલાવ્યો છે. સોશ્યલ મીડિયા પર હાલ દિવાળીની પોસ્ટો ઓછી અને ભાજપના નેતાઓની પોસ્ટો વધારે ધૂમ મચાવી રહી છે. જેને લઈ ભાજપમાં ઘેરી નિરાશા વ્યાપી જવા પામી છે. દિવાળી જેવા મહા પર્વમાં પણ ભાજપના નેતાઓના ચહેરા પરથી નૂર ઉડી ગયા છે.

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં મતદાન પૂર્ણ થતા દેશની મહત્વની ન્યૂઝ ચેનલોએ સર્વે બાદ ભાજની જીતના મોટા મોટા દાવા ઠોકી દીધા હતા. પરંતુ ગતરોજના પરિણામો આ ભાજપની જીતના તમામ દાવાઓનું સુરસુરીયું થઈ ગયું હતું અને ભાજપને દિલ્હી બાદ બિહારીમાં કારમી હારનો સ્વાદ ચાખવો પડ્યો હતો.

બિહારમાં મહાગઠબંધનનો વિજય થતા નીતિશ-લાલુનો જાદુ જોવા મળ્યો હતો. ભાજપે આખી ફોજ કામે લગાવી બિહારની ચૂંટણી જીતવા એડી ચોટીનું જોર લગાવ્યું હતું. પરંતુ આ તમામ મહેનત પર પાણી ફરી વળ્યું હતું. ભાજપના નેતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખુદ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. હજુ ભાજપ મોવડીમંડળ બિહારની હારનું મંથન કરે તે પહેલા જ દેશભરના સોશ્યલ મીડિયામાં ભાજપની ભારે થુ થુ થઈ રહી છે.




સોશ્યલ મીડિયામાં અવનવી પોસ્ટો જેવી કે ''ફેકુમેનનું જાદુ ના ચાલ્યું'', ''ભાઈ તેરે હાથ જોડતા હુ જૂઠ બોલના છોડ દે વર્ના તૂ પાર્ટી બરબાદ કર દેગા'', ''ભાજપ તારા વળતા પાણી'', બિહારની ચૂંટણીઓ પછી પ્રચાર પાર્ટી ભાજપ આરામ કરી રહી છે. ટુંક જ સમયમાં પંજાબ ચૂંટણીઓમાં વિકાસનો રાગ સાંભળવા મળશે. 'પુરા ભાજપ હાઈકમાન હૈરાન-પરેશાન હે કી આખિર મોદી કી હવા નિકલ કહા સે રહી હૈ', 'બિહાર હો ગયા દિલ્હી, બીજેપી બન ગઈ દિલ્હી' 'જો કટે ન આરી સે દેખો કટ ગયા વો બિહારી સે', 'આ અબ લોટ ચલે', 'સમજ નહી આતા ! દેશવાસીઓને પ્રધાનમંત્રી ચૂના હે યા ફોટોગ્રાફર ?' 'મૈં અપના ખ્યાલ રખ લુંગી તુમ દેશ કા ખ્યાલ રખો-ગાય', 'હવામાન ખાતાની આગાહી છે કે આ વરસે કમળનો પાક સંપૂર્ણ નિષ્ફળ જશે તેથી ખેડૂતોને અને શહેરીજનોને નમ્ર અપીલ છે કે કમળનું વાવેતર કરવું નહી...' તે પોસ્ટો ધૂમ મચાવી રહ્યા છે. આથી ભાજપના નેતાઓમાં નિરાશા જોવા મળી રહી છે. જે રીતે ભાજપની હાર પર દેશના સોશ્યલ મીડિયા પર આકરા પ્રહારો થઈ રહ્યા છે તેથી આખુ ભાજપ પરેશાન થઈ રહ્યું છે. એક પછી એક બે મોટી હાર બાદ ભાજપમાં કોના માથે હારનું ઠીકરૂ ફોડવામાં આવશે તે જોવાનું રહ્યું.

જે સોશ્યલ મીડિયા થકી ભાજપે સત્તા હાંસલ કરી છે તે જ સોશ્યલ મીડિયા હાલ તો ભાજપ માટે ગલે મે હડ્ડી સમાન બની ગયું છે.

## પ્રકાશપર્વ દીપાવલી અને નૂતન વર્ષના પાવન અવસર પર રાજ્યના પ્રજાજનોને શુભકામનાઓ પાઠવતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૯

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ દીપાવલી અને નૂતન વર્ષના પાવન પર્વ નિમિત્તે રાજ્યના પ્રજાજનોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

તેમના શુભકામના સંદેશમાં શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું છે કે પ્રકાશના આ પાવન પર્વે ગુજરાતના પ્રજાજનોનું જીવન ખુશીઓથી ઝગમગી ઉઠે અને સમૃદ્ધ બને તેવી હું મંગલ કામના કરૂ છું. 'નૂતન વર્ષ આપણા સામાજિક જીવનમાં પ્રેમ, શાંતિ અને પરસ્પર સદ્‌ભાવને બળવત્તર બનાવશે અને રાષ્ટ્ર અને રાજ્યમાં સુખ-સમૃદ્ધિનો શુભ સંદેશ લાવશે,' એવી તેમણે ઈશ્વરને પ્રાર્થના કરી છે.

## નૂતન વર્ષ નિમિત્તે ૧૨ નવેમ્બરના રોજ રાજ્યપાલશ્રી પ્રજાજનો સાથે શુભેચ્છાઓનું આદાન-પ્રદાન કરશે

ગાંધીનગર, તા. ૯

નૂતન વર્ષના મંગલ પ્રારંભે ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી ૧૨મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ વાગ્યા સુધી રાજભવન, ગાંધીનગર ખાતે પ્રજાજનો સાથે શુભેચ્છાઓનું આદાન-પ્રદાન કરશે.

# માણસાની ૬ બેઠકોમાંથી રાજપૂત સમાજને સ્થાન ન મળતા ભારે નારાજગી થતાં ડેમેજ કંટ્રોલ કરવા પ્રદેશ કક્ષાના નેતાઓ મેદાને

## ૩૦ સીટોનું રીઝલ્ટ ડીકલેર કરવા કોંગ્રેસને ૪ દિવસ લાગ્યા જેમાં ટેન્શનના પોટલા વાળી માણસાની ખાસ એવી બિલોદરા સીટે પ્રદેશ કક્ષાથી માંડીને તમામની ઉંઘ ઉડાડી દીધી હતી

ગાંધીનગર જિલ્લા પંચાયતની ચૂંટણીના પડધમ વાગતા અને જેમાં બિહારની ચૂંટણીનું પરીણામ જાહેર થતાં જેમાં ભાજપનો સફાયો થતાં કોંગ્રેસ પણ ગેલમાં આવી ગઈ છે. જેમાં ટીકીટ વાંચ્છુઓના ભારે ઘસારો કોંગ્રેસમાં જોવા મળી રહ્યો છે. જેમાં ગાંધીનગર જિલ્લાની જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારો ભાજપ દ્વારા ડિકલેર કરી દેવામાં આવ્યા છે. જેમાં અમુક જ્ઞાતિવાદથી માંડીને પાટીદાર સમાજનો ભાજપ તરફી આક્રોશ તથા ભાજપે કરેલ ડીકલેર લીસ્ટ થઈ કોંગ્રેસ પણ ચીપી-ચીપીને પગલાં લઈ રહી છે. જેમાં ખાસ કરીને બધી જ સીટોનો કોંગ્રેસ દ્વારા રકાસ કરી દેવામાં આવ્યો છે. જેમાં ખાસ બીલોદરા-૪ની સીટ માટે ભારે ધમાસણ ચાલ્યું હતું. જેમાં શંકરસિંહ વાઘેલાના ટેકેદાર એવા ખાસ ગણાતા ગાંધીનગરના જાણીતા એડવોકેટ અને રાજપૂત સમાજના પ્રમુખ એવા કરણસિંહ વાઘેલા પરીવાર દ્વારા ટીકીટની માંગણી કરી હતી. પરંતુ દેલવાડા પેનલમાં બે નામ હતા જે બે નામના બીજા ઉમેદવાર તરીકે પંકજભાઈ (હાથી) પટેલ (દેલવાડા) પેનલમાં હતા. પાટીદાર સમાજના જુના કાર્યકર દાવેદાર હતા. જેમાં ગુ. પ્રદેશ લેવલ અને દિલ્હીના આગેવાનોની આ સીટ માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું. જેની પાર્ટીની ૨૯ સીટોની ૪ દિવસથી ચાલતી કસરત અને આભેદ કોકડુ ઉકેલતા પણ ૪ દિવસથી વધારે સમય લાગ્યો હતો.

હાલ કોંગ્રેસ તરફી જુવાળ જોતા પાટીદાર મતદારોને લઈને પ્રદેશના મોવડી મંડળો પંકજ એસ. પટેલ (દેલવાડા)ને ઉમેદવાર તરીકે નક્કી કરેલ છે. જેમાં ટોચના નેતાઓની માંગણીઓ મુજબ અગાઉ માણસા વિધાનસભાની સીટ ઉપર પેટા ચૂંટણીમાં બાબુજી ઠાકોરને ટીકીટ આપી ધારાસભ્ય તરીકે ચૂંટ્યા હતા. ત્યાર બાદ સામાન્ય વિધાનસભાની ચૂંટણીમાં ચૌધરી સમાજના અગ્રણી અમીત ચૌધરીને ટીકીટ આપીને કોંગ્રેસ આ સીટ જાળવી રાખી છે. જે મુજબ અગાઉ કમિટમેન્ટ થયેલ મુખ્ય આગામી ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં હવે પછી કોંગ્રેસ રાજપૂત સમાજના ઉમેદવારોને ટીકીટ આપે તો નવાઈ નહી.

જે હાલ ચર્ચાએ જોર પકડ્યું છે. જેમાં જિ.પં.ની ચૂંટણીમાં રાજપૂત સમાજના ઉમેદવારોને ટીકીટ ન આપતા ભારે રોષનો પણ પાર્ટી સામનો કરી રહ્યું છે. જે રોષને ખાળવા હાલ ડેમેજ કંટ્રોલ ચાલી રહ્યું છે. જેમાં રાજપૂત સમાજના પ્રમુખ એવા કરણસિંહ વાઘેલાને મનાવવા મનોમંથન આગેવાનોએ પ્રત્યત્ન કરીને હાલ મનાવી લીધા છે જેમાં જિ.પં.ની ચૂંટણીમાં રાજપૂત સમાજ ઉપર કાતર ફરતા હાલ સમાજના અગ્રણીઓથી માંડીને મતદારોનો ભારે રોષનો સામનો થતાં જે ડેમેજકંટ્રોલને રાજપૂત સમાજના અગ્રણીઓને મનાવવામાં ભારે સફળતા પ્રાપ્ત થઈ છે જેમાં માણસાની ૫ સીટોમાંથી એક પણ રાજપૂત સમાજને પ્રતિનિધિ ન મળતા ભારોભાર વિરોધ વંટોળનો વાયરો ઊડીને વસંત વગડેથી માંડીને અમદાવાદ સ્થિત કોંગ્રેસ હાઉસ ખાતે પહોંચ્યો હતો. જેમાં પ્રદેશના નેતાથી માંડીને આ કોકડુ ઉકેલવા ભારે પ્રયત્નો ચાલી રહ્યા છે. જેમાં આવનારી ૨૦૧૭ની ચૂંટણીમાં વિધાનસભાના ઈલેક્શન વખતે રાજપૂત સમાજને પ્રતિનિધિ મળે તો નવાઈ નહી, જેમાં પ્રદેશ નેતાઓ આ બાબતે ઝીણવટભરી અને ગંભીરતાથી આ મુદ્દાને વિધાનસભા ચૂંટણીમાં રાજપૂત સમાજનો પ્રતિનિધિ મંડળે તે બાબતે ઉંડાણપૂર્વક વિચારીને આ બાબતે ઘટતું કરવા પણ વિચાર્યું છે.

આમ પણ બિલોદરા વર્ષોથી ઉત્તર ગુજરાત કોંગ્રેસનું એપી સેન્ટર રહેલ છે. અને અગાઉ બીલોદરાના વતની ઈશ્વરસિંહ ચાવડા કોંગ્રેસના જૂથવાદને કારણે ભાજપમાં જોડાયા હતા. પંરતુ હવે આજ ગામના નામાંકીત એડવોકેટ તથા બાર કાઉન્સીલના સભ્ય કરણસિંહ વાઘેલાનું વતન પણ બીલોદરા હોઈ અને રાજપૂત સમાજના પ્રમુખ હોઈ જેમને રાજપૂત સમાજ દ્વારા મનાવવામાં પ્રદેશ નેતાઓએ ભારે રસ લીધો છે. જેમાં કોંગ્રેસના આગેવાનોમાં કોંગ્રેસને મજબૂત કરવા કરણસિંહનો પણ ભારે સિંહફાળો રહ્યો છે.

જેમાં હાલ લોકમુખે ચર્ચા મુજબ નામાંકીત એડવોકેટ એવા કરણસિંહ વાઘેલાને ગુ. પ્રદેશ કોંગ્રેસમાં સંગઠનમાં હોદ્દો આપીને મનાવી લેવામાં આવ્યા છે.

જેમાં રાજપૂત સમાજનું પ્રતિનિધિત્વ ભવિષ્યમાં આવનારી વિધાનસભામાં રાજપૂત સમાજને ટિકિટ માટે પ્રથમ વિચારસરણીમાં લેવામાં આવતાં ઘીના ઠામમાં ઘી પડી ગયું હતું.

**રાજપૂત સમાજનો પ્રતિનિધિ ન મળતા ભારોભાર રોષ સર્જાયો હતો જેમાં નામાંકીત એડવોકેટ કરણસિંહ વાઘેલાને પ્રદેશકક્ષાના નેતાઓએ મોનીટરીંગ કરીને મનાવી લીધા હતા : કોંગ્રેસ દ્વારા ૧૧ જેટલા પાટીદારોને સ્થાન આપવામાં આવ્યું છે જેમાં માણસા ખાતેની બીલોદરા બેઠક માટે હજુ પીક્ચર અકબંધ છે જે કદાચ રાજપૂત સમાજને ફાળવાઈ જાય તે માટે પ્રયત્નશીલ**